# ડૉ. વિજય કેળકરની નેશનલ બલ્ક હેન્ડલિંગ કૉર્પોરેશનના અધ્યક્ષ તરીકે નિમણૂક

## ડૉ. અજય એન. શાહ સ્વતંત્ર ડિરેક્ટર નિમાયા

મુંબઈ, તા. ૨૫ : દેશની સૌથી મોટી ખાનગી કંપની કૃષિ ઉત્પાદન સંઘરવાના વેરહાઉસ સુવિધા પૂરી પાડતા નેશનલ બલ્ક હેન્ડલિંગ કૉર્પોરેશનના અધ્યક્ષપદે ડૉ. વિજય કેળકરની નિમણૂક કરાઈ છે. તેઓ અધ્યક્ષપદ ઉપરાંત સ્વતંત્ર ડિરેક્ટર તરીકે કામ કરશે.

જાણીતા અર્થશાસ્ત્રી અને નાણાં મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિક એફેર્સના ભૂતપૂર્વ સલાહકાર ડૉ. અજય એન. શાહની પણ સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરાઈ છે.

ખાનગી ઇક્વિટી કંપની ઇન્ડિયા વેલ્યૂ ફંડ એડવાઇઝર્સે કંપનીનું સંચાલન પોતાના હાથમાં લીધું ત્યાર બાદ આ નિમણૂકો કરાઈ છે.

ડૉ. કેળકરને અગાઉ પદ્મવિભૂષણ તરીકે નવાજવામાં આવ્યા હતા. તેમણે નાણાં મંત્રાલયમાં સલાહકાર, નાણાં સચિવ, ટેરિફ કમિશનના અધ્યક્ષ અને પેટ્રોલિયમ તથા કુદરતી ગૅસ મંત્રાલયમાં સચિવપદ શોભાવ્યાં બાદ ફાઈનાન્સ કમિશનના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. ડૉ. શાહ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક ફાઈનાન્સ ઍન્ડ પૉલિસીમાં પ્રોફેસર તેમ જ સિનિયર ફેલો હતા. તેમણે યુનિવર્સિટી ઑફ સધર્ન કેલિફોર્નિયામાંથી ઇકોનોમિક્સમાં પી.એચડી તથા આઇઆઇટી -મુંબઈમાંથી એરોનોટિકલ એન્જિનિયરિંગ કર્યું છે. અન્ય ડિરેક્ટરોમાં વિક્રમ નરુલા, પ્રમોદ કાબરા, દિવ્યા સહગલ, શ્રીકિશ્ના દ્વારમનો સમાવેશ થાય છે. અનિલ કે. ચૌધરી કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર તથા સીઇઓ નિમાયા છે.